## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એ પછી રેલ્યા કરે છે લાગણી
હાથ પર મંડાય જ્યારે આંખડી,
બેઉ આંખો પણ વહે છે સામટી
હાથ પર બંધાય જ્યારે રાખડી.
ગોળમાં મીઠાશ ત્યારે ઊમટી,
બેનડી આપે જરા શી કાંકરી.
ખુશ થઈને ભાઈ આપે તો જ લે,
બેનની ક્યાં હોય છે કંઈ માંગણી.

મુકેશ દવે.

### પાથેય

- રમેશ ઠક્કર

## ત્રિવેણીસંગમ જેવો તહેવાર.



ભાઈબહેનનો તહેવાર એટલે રક્ષાબંધન.એક નાનકડી દોરીથી બંધાતો સ્નેહ ઉત્તમ માનવીય અભિવ્યક્તિ બની જાય છે..તહેવારોની આ મજા છે એમાં જોવાતી જિંદગીના ધબકાર ઝીલાય છે.એટલે જ આપણે હંમેશાં તાજગીનો અનુભવ કરી શકીએ છીએ.જીવનની ઘરેડમાં કર્કશતા આવે એ પહેલાં જો તહેવારોનો આનંદ લેવાનું શીખી જઈએ તો જીવનનો સૂર મધુર રીતે રેલેય છે..રક્ષાબંધન આવો જ એક અદ્ભુત તહેવાર છે..એ બળેવ કે નાળિયેરી પૂનમ તરીકે પણ ઓળખાય છે..મહાભારતમાં કુંતા માતા પૌત્ર અભિમન્યુને અમર રાખડી બાંધે છે..મુખ્યત્વે ભાઇ બહેનના ઘેર જાય છે અને એની પાસે રાખડી બંધાવે છે. એમાં એની ખુશાલી એને દીર્ઘ આયુષ્ય અને પ્રગતિ માટેના આશીર્વાદ હોય છે..ગામડાઓમાં બળેવ અનોખો ઉત્સવ બની ઉજવાય છે..મંદિરોનો માહોલ ભવ્ય હોય છે.

આ એક અદ્ભૂત સંયોગ ધરાવતો ઉત્સવ છે.તહેવારનો ત્રિવેણી સંગમ એટલે શ્રાવણી પૂનમ.

**(૧) રક્ષાબંધન-ભાઈ-બહેનના હેતનો તહેવાર.**

**(૨) બળેવ - બ્રાહ્મણોને જનોઈ બદલવાનો તહેવાર.**

**(૩) નાળિયેરી પૂનમ- સાગરખેડૂ ને દરિયા પૂજનનો તહેવાર.**

બહેનના મનમાં જે લાગણી હોય છે એ રક્ષાપોટલીમાં ગૂંથાઈ જાય છે.એક જમાનામાં હાથથી બનાવેલી સાદી રાખડીઓ બાંધવામાં આવતી..આજે તો વિવિધ પ્રકારની અવનવી રાખડીઓનાં બજાર ઉભરાય છે..અવનવી રાખડીઓમાં ભાઈબહેનનો પ્રેમ અદ્ભુત રીતે અંકિત થાય છે.રાખડી સાદી હોય કે આધુનિક અને ભાતીગળ..એમાં જે સ્નેહ પરોવાયેલો હોય છે એ શાશ્વત હોય છે..આપણે સહુ જાણેઅજાણે અસલામતિના ભાવ સાથે જીવતા હોઇએ છીએ.ભગિની આપણને રક્ષા કવચ આપી સુરક્ષિતતાનો અનુભવ કરાવે છે..નાનકડા એક ધાગાની આ ધરપત આપણા માટે આશીર્વાદ બની જાય છે.

## ભાઈ બહેનના પ્રેમના પ્રતીક સમી રાખડીમાં અણુબોમ્બની તાકાત છે

*તંત્રીસ્થાનેથી...*

રાજનેતા અને રાખડી બાંધવા ઝાકમઝોળ હૈયું લઈને માડીજાયા વીર પાસે દોડી આવેલી ભગિની વચ્ચે પસંદગી કરવાની હોય તો આપણે નિશ્ચિત રીતે રાખડીની જ કરીએ. એટલે આજે બિહારના ખેલંદા રાજનેતાની પ્રશસ્તિ કે નિંદા કરવા કરતાં મોંઘેરા ભાઈ-બહેનના પુનિત પર્વનો જ મહિમા કરીએ તે યોગ્ય લેખાશે, કરીશું, એમની પણ ચર્ચા કરીશું કારણકે આઝાદીના અમૃત વર્ષની સમાપ્તિ ટાણે એ પણ ભારતીય જાહેર જીવનનનું અદકેરુ અને અઠંગ ચરિત્ર છે પણ આપણી બહેન કયાં ને એ કયાં ? એવો કોણ અભાગિયો હશે જેણે ઘરમાં મા જણી બહેન હોય છતાં આ પવિત્ર દિવસે એની આગળ હાથ લંબાવી રાખડી નહી બંધાવી હોય..? માતા-પિતાના આશીર્વાદની લગોલગ બહેનની દુઆનો મહિલા લેખાયો છે અને કેમ ના લેખાય..? એ સ્નેહ, એ નિ:સ્વાર્થ પ્રેમ લોહીની સગાઈમાંથી ઉદભવે છે. જેને સગી બહેન નથી હોતી તે પુરુષ આવો ભગિનીપ્રેમ પામવા ધર્મની બહેન બનાવીને પણ લહાવો તો લે જ છે. દુનિયામાં લાગણીથી મોટો કોઈ વૈભવ નથી. આ લાગણીનું વાવેતર અજાણતાં જ કુદરત કરતી રહે છે, જયારે એ લાગણી ભાઈ-બહેનના વિશુદ્ધ પ્રેમ તરીકે પ્રગટે છે ત્યારે કળિયુગમાં પણ સતયુગનો પગરવ સંભળાવા લાગે છે. સાહિત્યમાં અને સિનેમામાં ભાઈ બહેનના પ્રેમની ગાથાઓ દરેક યુગમાં રચાતી રહી છે. સિત્તેરના દાયકાની ફિલ્મોમાં કેટલાક ગીતો અત્યંત લોકપ્રિય બની ગયા અને આજપર્યત એ સાંભળવા કે મમળાવવા ગમે છે એ જ શું સૂચક નથી.? ભૈયા મેરે રાખી કે બંધન કો ના ભુલાના.. થી લઈ ભાઈ માટે ચાંદસુરઝને ટકોરતી લાડકી બહેનનું ચિત્ર આપણા ચિત્ત પર દિર્ઘકાળથી અંકાયેલું છે.

મેરે ભૈયા, મેરે ચંદા, મેરે અનમોલ રતન !
તેરે બદલે મેં જમાને કી કોઈ ચીજ ના લૂં !

દુનિયાની કોઈ જણસ એને ભાઈની તોળે લાગતી નથી, ભાઈ માટે એ બધું જ કરી શકે, પોતાની આખી જીંદગી હોમી દઈ બાપનું ઘર ઉઘાડું રહે અને મા વગરના ભાઈનો ઉછેર થઈ શકે તેવી બહેનોના અઢળક દાખલા આપણા જનજીવનમાં બનેલા છે અને હજી બનતા રહે છે. તો સામે રાખડીની લાજ રાખવા મનફેસાની કરનારા ભાઈની પણ કથાઓ કયા ઓછી છે ? યુદ્ધના મેદાનમાં રાખડીનો એક નાજુક ધાગો પાસા પલટી શકયો છે. હુમાયૂને પદ્માવતીએ રાખડી મોકલવી હતી કુંતીએ યુદ્ધના સમરાંગણમાં પલાણેલા પૌત્રને રાખડી બાંધી હતી. રાખડી એક નાજુક લાગણીનું બંધન છે, એ રક્ષાસુત્ર છે, બલિરાજા અને વામન અવતાર સાથે સંકળાયેલી દંતકથામાં પણ રાખડી આવે છે. એટલે રાખડી કે રક્ષાસુત્ર વ્યાપક સ્વરૂપે તો લાગણીના સંબંધોનું પ્રતિક રહેલ છે. ગુરૂના હાથે રક્ષા બંધાવ્યા પછી શિષ્ય કે ભક્ત એક અમોધ શસ્ત્ર છે એમાં અણુબોમ્બ જેવી તાકાત છે, એ અણુબોમ્બ અલબત્ત જીવન પોષક છે, પરંતુ જરૂર પડયે ત્યારે બહેનો માટે જીવ આપવા તૈયાર કરનારો છે. તળાજાના રાજવી એભલવાળા વિશેની કથા જાણીતી છે, એને જળબંબાકાર હાલતમાં પંડનું પડખું આપી બચાવનારી અને ભાઈ ગણીને રાખડી બાંધનારી ચારણ બહેન પર એના ઘરવાળાએ જ વહેમ કર્યો ત્યારે એના હૈયામાંથી બદદુઆ નીકળી અને ચારણને કોડ નીકળ્યા. વૈદ્યો હકીમો થાકી ગયા પણ કેમે કર્યા એ મટ્યા નથી અને કોઈ નજૂમીએ કહ્યું કે બત્રીસ લક્ષણા પુરુષનું બલિદાન જ તારા હેવાતનને બચાવી શકે એમ છે ત્યારે એ રગતપીતિયા ધણીને વેપલામાં ઘાલી રાજદરબારમાં પહોંચી અને ત્યાં બલિદાન આપવા બાપદિકરા વચ્ચે કેવી જબરી હૂંસાતૂંસી જામી

સોરઠો કરે વિચાર,
બે વાળામાં કયો ચડે ?
શિરનો સોંપણહાર કે વાઢણહાર વખાણીએ ?
સૌને રક્ષાબંધન મુબારક !

## સિનેમાગૃહો હજી હાઉસફુલની રાહ જોઈ રહ્યા છે

**લાગણીનો મેળો**
**રસિક વાળંદ**



**વીર પલસી આપે જો વીર !**
**કેવાં કેવાં દેશે ચીર ?**
**મેઘધનુષી સાડી કરું,**
**પહેલી તારી સાથે ફરું,**
**બીજું શું શું દેશે બોલ ?**
**આપ્યા ક્યારે પાળે કોળ ?**
**'સપ્તર્ષિના તારા સાત**
**પાંચીકડાની કેવી જાત ?**
**હમણાં લાવું, ગમશે બે'ન ?**
**મૂકીશ ને તું તારું વેણ ?**
**સાથે, બહેની, રમશું રોજ !**
**છલકાશે હૈયાના હોજ.'**

**- કૃષ્ણલાલ શ્રીધરાણી**

શ્રાવણી પૂર્ણિમા એટલે જ્ઞાનનિષ્ઠ બ્રાહ્મણોનો યજ્ઞોપવિત બદલવાનો ઉત્સવ, ભક્તિ પ્રધાન ભાઈ-બહેનોનો રક્ષાબંધનનો ઉત્સવ અને કર્મવીર વેપારીઓનો સમુદ્ર પૂજનનો ઉત્સવ.

આ ત્રણેય ઉત્સવોના ત્રિવેણી સંગમનું મહાપર્વ એટલે શ્રાવણી પૂર્ણિમા....

પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રી આઠવલેજી (પૂ.દાદા) શ્રાવણી પૂર્ણિમાનું મહાત્મ્ય સમજાવતાં કહેતાં કે, 'જનોઈ એટલે તેજસ્વી બુદ્ધિની દીક્ષા. જનોઈ એટલે બુદ્ધિને પ્રજ્ઞામાં પરિવર્તન કરાવનારું રસાયણ.' વળી તેઓ કહેતા, 'ધ્યેય વગરના એટલે કે સરનામા વગરના કાગળ જેવા આજના યુવાનોને 'યજ્ઞોપવીત લેવી'' એટલે જીવન ધ્યેય નક્કી કરવું, પ્રભુ શ્રદ્ધા દઢ કરવી, સાંસ્કૃતિક અસ્મિતા ઝળહળતી રાખવી.' આ બધું સમજાવવાની જરૂર છે. જે દ્વિજે આ સમજણ પ્રાપ્ત કરી છે તે આવા યુવાનોને આ મહત્ત્વ સમજાશે તો જ આ ક્રિયા પાછળનો મંત્ર પુનર્જીવિત થશે અને તો જ આ ઉત્સવની સાર્થકતા ગણાશે.'

સાગર પૂજનનું પર્વ પ્રાચીન હિંદના વેપાર - ઉદ્યોગની યાજ તાજી કરાવે છે. એક કાળે ઈજીપ્ત, ગ્રીસ, લંકા, ચીન, જાવા.... વગેરે દેશોમાં જઈ પોતાના દેશની સંપત્તિ વધારનારા વેપારી પૂર્વજો, તેમજ કલા-કૌશલ્ય, તત્ત્વજ્ઞાન, ધર્મ, દેવતાઓ ઈત્યાદિનો પ્રચાર વિદેશમાં કરનારા સંસ્કૃતિ વીરોની પુણ્યશીલ અને પ્રેરણાદાયી સ્મૃતિ.

આપણે ત્યાં વેપારી - વહાટવટીમાંથી વહાણીયાને પછી કાળક્રમે 'વાણીયા' કહેવાયા. લોહાણા તેમજ સિંધી દરિયાલાલને દેવ માને છે. સમુદ્ર પર સત્તા ચલાવનાર વરુણ દેવ પૂજનથી પ્રસન્ન થઈ માલની હેરફેર કરતાં વહાણોને નુકશાન ન પહોંચાડે એવા ભાવ સાથે સાગરમાં નાળિયેર ચઢાવતાં હશે. એટલે 'નાળિયેરી પૂનમ' પણ કહે છે.

હમણાં એક મિત્ર તરફથી વોટ્સએપ મેસેજમાં પ્રાપ્ત એક વાર્તા માને ગમી જે અહીં પ્રસ્તુત કરું છું.

ગરમીના દિવસોમાં કાળઝાળ બપોરે એક ઠંડાપાણીના પાર્લર પર ભીડ હતી. ગરમીથી રાહત મેળવવા મનપસંદ ઠંડાપીણાની સૌ મોજ માણી રહ્યા હતા.

એક ફાટ્યાં તૂટ્યાં મેલાંઘેલાં કપડાં ને જથરવર વાળ વાળી એક છોકરી ઠંડા પીણાની

● અનુસંધાન પાન-૭ પર

## ચૌધરી ચરણરાજના શબ્દો એટલે પત્થરની લકીર!

**સ-રસ**
**મમતા બુચ**



"એક વાર કીધું ને, છોકરી ગામમાંથી બહાર નહીં જાય." ચૌધરી ચરણરાજના સત્તાવાહી સ્વરથી ફરી એક વખત એ મેડીબંધ મકાનની દીવાલો ધ્રૂજી ઊઠી. હવે કોઈને કઈં કહેવાની ગૂંજાઈશ જ નહોતી. ચૌધરી ચરણરાજના શબ્દો એટલે પત્થરની લકીર! બંને છોકરીઓ નીચેના માળે હૈયું હાથમાં રાખીને બેઠી હતી એની આગળ મા નીચે ઊતરીને આવી. બંનેએ આશાભરી નજરે મા સામે જોયું. માએ નકારમાં ડોકું હલાવ્યું. જો કે આ કોઈ બહુ મોટી વાત નહોતી. મોટી આરતી તો અનેક વાર આમાંથી પસાર થઈ ચૂકી હતી.

ચૌધરી ચરણરાજનું નામ ગામમાં સૌથી આબરૂદાર ખોરડાના ધણી તરીકે લેવાતું હતું. અને એ આબરૂ સાચવવા એ પૂરેપૂરા કટિબધ્ધ હતા. આબરૂ માટે પરિવારની ઈચ્છાઓ, માંગણીઓ, અપેક્ષાઓ- બધું જ કુરબાન કરવા એ એક પળનો પણ વિલંબ કરે એમ નહોતા. અને એમના માટે ચૌધરીની દિકરી શાળામાંથી છોકરાઓ સાથે પ્રવાસે જાય એ તો કુળને લાંછન લગાડવા જેવું હતું.

પહેલેથી જ ચૌધરીસાહેબને પુત્રનું બહુ મન હતું. આરતીના જન્મ સમયે એ નિરાશ જરૂર થયા હતા. પણ બીજું બાળક દિકરો જ આવશે એવી એમને આશા હતી. આરતીના જન્મ વખતે જ સરલાબાની હાલત એટલી ખરાબ થઈ ગઈ હતી કે ડોક્ટરે બીજા બાળકની ના જ પાડી હતી. પણ દિકરાની આશાએ ચરણરાજને એ જોખમ લેવા પર મજબૂર કરી દીધા હતા. સરલાબાની હાલત ટાઈમ-બૉંબ ઉપર બેઠેલા અજાણ માણસ જેવી હતી. ક્યારે ફાટે, કોને ખબર! પ્રસૂતિ વખતે એ માંડ-માંડ બચ્યાં હતાં. પણ બીજી દિકરી જન્મ્યા પછી ડોક્ટરે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધેલું કે સરલાબા હવે વધુ પ્રસૂતિઓ સહન કરી શકે તેમ નથી.

ત્યારથી ચરણરાજના મનમાં નાની રૂપલ માટે મનમાં એક પ્રકારનો અણગમો ઘર કરી ગયેલો. એટલે જ્યારે અગિયારમા ધોરણમાં ભણતી રૂપલની સ્કૂલમાંથી આબુ-અંબાજીના પ્રવાસે જવાની વાત આવી ત્યારે ચરણરાજે ઘસીને ના પાડી દીધી. રૂપલની આંખમાં આંસુ ધસી આવ્યાં હતાં એ જોઈને આરતીએ પૂછ્યું, "રૂપલી, કેટલા દિવસનો પ્રવાસ છે?" "બે", નીચું માથું કરીને રૂપલ બોલી. અજબ મક્કમતાથી આરતી બોલી, "તો જા તું તારે. હું આહીં બધું ય સંભાળી લઇશ." "પણ બાપુ...?" "એમને ખબરે ય નહીં પડવા દઉં." અને ખરેખર બાપુને ખબર પડ્યા સિવાય બે દિવસ પસાર થઈ ગયા. આમે ય છોકરીઓને બાપની સામે આવવાનું નછૂટકે જ થતું હતું.

પ્રવાસ તો છાનેમાને થઈ ગયો પણ એક દિવસ ચરણરાજને બીજી એક વાતની ખબર પડી ગઈ. રૂપલને પહેલેથી જ ગરબાનો શોખ હતો. બાજુના મોટા ગામમાં આવેલા ગરબા ક્લાસીસમાં એને શીખવા જવું હતું પણ ચરણરાજનો એ જ મુદ્રાલેખ: "છોકરી ગામમાંથી બહાર નહીં જાય." આરતીએ આ વખતે તો મોટું જોખમ લીધું હતું. રૂપલ બે મહીના ગરબા ક્લાસમાં ગઈ ત્યાં સુધી એણે કોઈને ખબર ન પડવા દીધી. એમાં એક વાર તો પાછાં ફરતાં મોડુ થઈ ગયું હોવાથી એણે દોડતાં-દોડતાં બસ પકડેલી અને એમાં પડી પણ ગઈ હતી. ચરણરાજને આ વાતની ખબર પડી ત્યારે એમણે રૂપલને ખૂબ ધમકાવી હતી. અરે, માર મારવાની અણી પર આવી ગયા હતા પણ ત્યારે આરતી ચૂપચાપ રૂપલનો હાથ પકડીને બાપ પાસેથી ખેંચી ગઈ હતી. રૂપલને પગે છોલાઈ ગયું હતું એમાં પણ આરતીએ માની જેમ એની સેવા-સુશ્રુષા કરી હતી.

રૂપલને ભાવતાં સફરજન તો આરતી ગમે ત્યાંથી ખરીદી લાવતી. બા આગળ કરગરીને થોડા પૈસા ભેગા કરીને એ રૂપલને સફરજન જરૂર ખવડાવતી. એક વાર બા પૈસા માંગવા બાપુ આગળ ગઈ હતી ત્યારે એણે એમનો સંવાદ સાંભળ્યો હતો, "બોલો!" "કહું છું, આ રૂપલને સફરજન બહુ ભાવે છે." "હૅં...તે?" "આ ઋતુમાં બહુ વેચાય છે." "મુદ્દાની વાત બોલો." સરલાબાએ જથ્થાબંધ સફરજન લેવાની વાત કરી ત્યારે ચરણરાજ ભભૂક્યા હતા, "છોકરીની જાતને વળી આટલાં શું લાડ લડાવવાનાં? પારકે ઘેર જાશે ત્યારે આટલાં મોંઘાં ફળ રોજ કોણ ખવડાવશે?" વાત ત્યાં પૂરી થઈ જવી જોઈતી હતી પણ થઈ નહીં. આરતીએ રૂપલને સીઝન પૂરી થાય ત્યાં સુધી પોતાના ખર્ચામાં કાપ મૂકી-મૂકીને સફરજન ખવડાવ્યાં.

થોડા દિવસોથી એ રૂપલને ઉદાસ જોતી હતી. એણે એને બાથમાં લઈને પ્રેમથી પૂછ્યું ત્યારે ધીમેથી એ બોલી કે ગામના ઉતાર જેવો એક છોકરો રોજ એનો શાળા છૂટ્યા પછી પીછો કરતો હતો. પણ શરમ અને ડરને કારણે એ કોઈને કહી શકતી નહોતી. થઈ રહ્યું. બીજે દિવસે એ પીછો કરનાર છોકરાનો પીછો આરતીએ કર્યો અને મરતાંને "મર" ન કહેનારી આરતીએ એને એવો તો ધોઈ નાખ્યો કે એ ગામની કોઈ પણ છોકરીનું નામ લેતો બંધ થઈ ગયો.

કારણ એક જ કે આરતી રૂપલને ઉદાસ નહોતી જોઈ શકતી. એનો ઉતરેલો ચહેરો જ્યાં સુધી ખિલખિલાટ હસતો ન થઈ જાય ત્યાં સુધી એ એને જાત-જાતની વાતો કરીને હસાવતી, એની સાથે નાના બાળકની જેમ રમતી અને તો પણ રૂપલનો મૂડ પાછો ન ફરે તો એની ઉપર ગુસ્સો પણ કરતી કે દુનિયાનો અંત નથી આવી રહ્યો, હસવાની તસ્દી લે!

પણ ગઈ કાલથી આરતી જ ઉદાસ લાગી રહી હતી. પહેલાં તો રૂપલના પૂછવા ઉપર એણે વાત ટાળી દીધી. પણ રૂપલ પણ આરતીની બહેન જ હતી ને! એની ઉદાસી એ કેમ જોઈ શકે? રૂપલના ભાર દઈને પૂછવા ઉપર આરતીનું મોઢું સાવ પડી ગયું, "ગઈ કાલે સાંજે આપણા ઘરે પોસ્ટમાં એક પરબીડિયું આવ્યું છે. એમાં.....રાખડી છે. કોઇકે ભૂલથી ખોટું સરનામું લખી દીધું છે એટલે આપણા ઘરે આવી ગયું છે. આમે ય ભાઈની ખોટ તો આપણને પહેલેથી જ કોરી ખાય છે. આ તો દાઝ્યા ઉપર ડામ જેવું! બાપુ પણ આપણે લીધે દુ:ખી રહે છે."

રૂપલ હૂંફાળું હસી, "આરતી, ભાઈની ખોટ તારે હશે, મારે નથી." આરતી આશ્ચર્યથી બહેનને તાકી રહી. રૂપલે પ્રેમથી પૂછ્યું, "જો, ભાઈ કોને કહેવાય? એની ફરજો ને હક્કો શું?" આરતી હજી પણ સમજી નહોતી શકતી. રૂપલના ચહેરા ઉપર સમજણ અને સંતોષ હતાં, "જે બહેનની રક્ષા કરે, એના માટે લડે, એ ભૂલ કરે તો એને વઢે, એની અપેક્ષાઓ પૂરી કરે- એ ભાઈ કહેવાય, બરાબર? તું આ બધું જ તો કરતી આવી છે મારા માટે. તો તારાથી સારો ભાઈ મને ક્યાં મળશે? મારા માટે તો તું જ મારો ભાઈ છે. રાખડી બરાબર સરનામે જ પહોંચી છે. રહ્યો એના સાચા સરનામાનો સવાલ, તો એ આપણે આપણાં નાનકડા ગામમાંથી ચપટી વગાડતાં શોધી લઈશું ને એને ઘરે પણ એક સરસ રાખડી લઈને જઈશું." આરતીની આંખમાં સ્નેહનો દરિયો છલકાતો હતો અને અચાનક રૂમમાં આવી ગયેલી બા પણ એમાં નાહી રહી હતી. ઘરની બહાર નીકળી રહેલા અને રૂમના બારણાં પાછળ અટકી ગયેલા ચૌધરી ચરણરાજને આજ પહેલી વાર દિકરાની કમી નહોતી સાલી રહી.

## તમારો ભાઈ તમારો ભાઈ જ છે કે ભાઈબંધ પણ ખરો?

**નખરાળી જિંદગી**
**નિયતી કાપડીયા**



તમારો ભાઈ તમારો ભાઈ જ છે કે ભાઈબંધ પણ ખરો?

મારા ઘરે દીકરી જનમી ત્યારે અમે પતિપત્ની ખૂબ જ ખુશ થઈ ગયેલાં. નાનકડી પરી જેવી સુંદર અને ચબરાક દીકરી મેળવી અમારી માબાપ બનવાની ઈચ્છા પૂરી થઈ ગયેલી. દીકરી જેમ જેમ મોટી થતી ગઈ તેમ એના તોફાન મસ્તી અને બાળસહજ હરકતો જોઈને અમે ધન્ય ધન્ય થઈ ગયેલાં. અમે બંનેએ નક્કી કરેલું કે આ એક દીકરી બસ છે, હવે બીજું સંતાન નથી જોઈતું.

લગાતાર છ વરસ સુધી મારી દીકરીએ ઘરમાં એકમાત્ર સંતાન હોવાનું સુખ ભોગવ્યું હતું. એ અને અમે પતિપત્ની બધાં ખુશ હતાં ત્યાં જ એણે એક દિવસ મને મારા ભાઈ સાથે ફોન પર વાતો કરતી સાંભળી... એને ખૂબ નવાઈ લાગી હતી. એને મન તો એમ કે હું અને એ બંને બેસ્ટ ફ્રેન્ડ છીએ અને હું મારી દરેક ખાનગી વાત ખાલી એને જ કહું છું. મારા ભાઈ સાથેની મારી વાતો સાંભળી એને કુતૂહલ જાગેલું કે આ વળી કોણ છે જેની સાથે હું મારા મનની બધી વાત બેધડક કહી શકું છું...

એ દિવસે મેં એને ભાઈ અને બહેન વચ્ચેનું એક નવું જ સમીકરણ સમજાવ્યું હતું. ભાઈ બહેન એટલે એક જ માતાને ખોળે જન્મેલા બે વ્યક્તિઓ ખરી પણ એ સાથે જ એક એવો સાથીદાર પણ ખરો જે છેક બાળપણથી તમારી સાથે રહે છે. નાનપણમાં તમે જે પણ સુખ દુ:ખ ભોગવ્યા હોય એ દરેકમાં તમે ઈચ્છો કે ના ઈચ્છો એ તમારી સાથે હોય છે. તમે એની સાથે રમી શકો છો, લડી શકો છો, ઝઘડી શકો છો, ગુસ્સો આવે ત્યારે એક થપ્પડ લગાવી શકો છે અને વ્હાલ ઉભરાઈ જાય ત્યારે ભેંટી શકો છો. તમારા માટે થઈને આખી દુનિયા તો ઠીક એ તમારા માબાપ પણ સામે લડી જવાય તૈયાર હોય છે. જેની સાથે તમે બાળપણમાં રમકડાં અને ચોકલેટ વહેંચી હોય એ ભઈલા સાથે પછી જીવનની કોઈ પણ વાત છુપાવવાની જરૂર નથી રહેતી. તમે જેવા છો એવા જ એને પસંદ છો. એ ક્યારેય તમને બદલી નાંખવાની અપેક્ષા નથી રાખતો. તમે ભૂલ કરી રહ્યાં હો કે કોઈ વાતે ગલત નિર્ણય લઈ રહ્યાં હો ત્યારે એ તમને રોકે છે, છેક છેલ્લી ઘડી સુધી તમને સમજાવે છે અને એ પછીય જો તમે તમારો નિર્ણય ના બદલો તો એ તમારી પડખે ઉભો રહે છે. તમારી હાર એટલે એની હાર અને તમારી જીત એટલે એની જીત! જીવનના એક પડાવે પહોંચીને ભાઈ બહેન બંને પોતપોતાના સંસારમાં ખોવાઈ ગયા હોય, રોજ રોજ વાતો ના થતી હોય, એકબીજાને ગુડ મોર્નિંગના મેસેજ પણ ના મોકલતા હોય અને તોય જરૂર પડે તરત એકમેકને પડખે આવીને ઊભા રહે એમને ભાઈ બહેન કહેવાય.

આપણી આગળની પેઢીમાં ભાઈ બહેન વચ્ચે લાગણી તો ખૂબ હતી પણ અમુક મર્યાદાના બંધન નડી જતાં અને ભાઈ બહેનનો પ્રેમ ખુલીને બહાર નહોતો આવી શકતો. આજે એવું નથી. આજે તો ભાઈ એની જે વાતો માબાપને કે ભાઈબંધને ના કહી શકે એ એની બહેનને કહેતો હોય છે. ખબર હોય કે સામે છેડે હંમેશા સપોર્ટ જ મળશે. આજે તમને એવો ભાઈ પણ જોવા મળશે જે પોતે બહેનને એના બોયફ્રેન્ડ સાથે બહાર ફરવા લઈ જતો હોય કે એનું સેટિંગ કરાવવા મદદરૂપ થતો હોય. આજે ભાઈ બહેનની અને બહેન ભાઈની દરેક સિક્રેટ વાત જાણતી હોય છે અને જીવનના હરેક પડાવ પર બંને એકબીજાની સાથે હોય છે.

દુનિયા બદલાઈ ગઈ છે. સાવ બદલાઈ ગઈ છે. દરેક સંબંધ ધરમૂળથી બદલાઈ રહ્યો છે ત્યારે ભાઈ અને બહેન વચ્ચેની લગણીય પરિવર્તન પામે એમાં નવાઈ નથી. સરસ વાત એ કે આ પરિવર્તન આવકારવા લાયક છે.

મારી દીકરી આવી બધી વાતો સાંભળી એક ભાઈ માટે જીદ કરે એ સ્વાભાવિક છે. એણે જીદ કરી હતી થોડીક...પણ સાચું કહું તો મને પોતાને જ એવી ઈચ્છા હતી કે મારી દીકરીને એક ભાઈ કે બહેન હોય તો સારું. પછી શું, જગ્યા ત્યારથી સવાર! હું ફરી એકવખત પ્રસવ પીડા સહેવા તૈયાર થઈ હતી અને મારી દીકરીને એના જીવનના સાતમા વરસે અણમોલ ભેંટ જેવો એનો ભાઈ મળેલો!

અમસ્તું,
કોણ અપાવે ડેરીમિલ્ક, ને કોઈ લઈ જાય ફિલ્મ જોવા,
ભાઈની બેની લાડકી...!

**@Niyati_Kapadia**